(M)
— COPY —


# THE GANDHIDHAM
# CHAMBER OF COMMERCE & INDUSTRY

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com


No. GCCI / 436

તા. ૧૩.૧૨.૨૦૧૬

શ્રી વિજયભાઇ આર. રૂપાણી,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય,
સર્વણિમં સંકુલ-૧, ૩જો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર-ગુજરાત ૩૮૨ ૦૧૦

**વિષયઃ- ગાંધીધામ નગરપાલિકાને કોર્પોરેશનનો દરજ્જો આપવા બાબત**

મહાશય,

સવિનય સાથે જણાવવાનું કે વિસ્તારની દ્રષ્ટિએ રાજ્યની અન્ય સઘળી નગરપાલિકાઓ કરતાં ગાંધીધામનો વિસ્તાર સૌથી વધારે છે. ઝડપી ઔદ્યોગિકરણને કારણે ધંધા રોજગાર અર્થે હજારો લોકો દેશભરમાંથી આવી અહીં સ્થાયી થયા છે. આ ઉપરાંત જનસંખ્યા - વસ્તી પણ સમયાંતરે ખૂબ વધે છે. અંદાજિત જનસંખ્યા ચાર લાખ કરતાં પણ વધારે છે.

શહેરના વિવિધ વિસ્તારોના માર્ગો, ડ્રેનેજ લાઇન, પાણી પુરવઠાની લાઇનોની હાલત બદતર છે. નગરપાલિકાને કોર્પોરેશનનો દરજ્જો અપાય તો વર્લ્ડબેંક સહિતની ગ્રાંટથી પ્રજાકીય કામો હાથ ધરી શકાય. હાલ નગરપાલિકાના આવકના સાધનો ટાંચા છે, તેની માલિકીની જમીન પણ નથી, તેથી વિકાસ કામો થતા નથી.

આથી નગરપાલિકાને કોર્પોરેશનનો દરજ્જો આપવાથી સંકુલની વિકાસયાત્રા વેગ પકડશે અને કાયાપલટ થશે. સાથોસાથ વહીવટ પણ સુચારૂરૂપે અને પારદર્શક બનશે.

આ અગાઉ પણ ગાંધીધામ ચેમ્બર દ્વારા ઉપરોકત વિષય સંદર્ભે અનેક વખત સમયાનુસાર રજુઆત કરવામાં આવેલ છે, પણ હજુ સુધી યોગ્ય નિવારણ આવેલ નથી. આથી આપશ્રીને વિનંતીસહ ઉપરોકત વિષયે ત્વરિત નિરાકરણ લાવવા અનુરોધ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

(દિનેશ ગુપ્તા)
પ્રમુખ